**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં ધીમે-ધીમે આધ્યાત્મિક, ભાવનાત્મક અને ફાઈનેન્શિયલ સમતુલા આવી રહી છે. લાંબા ગાળે તમારા માટે જે સારૂ હશે એનો સ્વીકાર કરવા માનસિક રીતે તૈયાર રહેજો. નવા વિચારોને આવકારવા મન ખુલ્લુ રાખો અને પડકારરૂપ સંજોગોનો સામનો કરવા તૈયાર રહો એવી મારી સલાહ છે. હાલ વધુ પડતા ઉગ્ર બનવાનું ટાળો. મન અને લાગણીઓને શાંત રાખો. આવો અભિગમ આપમેળે જ યોગ્ય નિર્ણયો લેવામાં મદદરૂપ બનશે એમ જણાય છે. જમીન-મકાનની ખરીદી, ઈન્ટિરિયર ડેકોરેશન અને રિપેરિંગને કારણે ખર્ચમાં વધારો થશે. **સ્ત્રીવર્ગ માટે :** શ્રધ્ધાનો વિષય કદાચ તમારા માટે વિવાદાસ્વરૂપ બનશે

**ધન (ભ,ધ,ફ,ઢ) :** નવો પ્રારંભ અને ધીમો અંત તમારા જીવનમાં હવે પોઝિટિવ પરિવર્તનની શરૂઆત કરશે. શાંત મુખવટા પાછળ મનમાં અનેક વિચારો ચાલી રહ્યા છે. એમાં જે ઊપયોગી નહી હોય એને એક પછી એક રદ્દ કરો. ટાઈમ મેનેજમેન્ટ અને અમૂલ્ય પ્લાનિંગને કારણે લાંબો સમય શાંતિ અને સ્વસ્થતા માણી શકશો એમ જણાય છે. હાલના સમયમાં ખાસ મિત્રો સાથે ભાવનાત્મક સંબંધો ગાઢ બનશે. સમજદારીની ઊંડી લાગણીઓ અને એકબીજાને સમજી શકવાની ભાવનાને કારણે વાતચીતના વ્યવહારમાં સરળતા રહેશે. માથાના દુખાવાની કે એસીડીટીની ફરિયાદ રહે. **સ્ત્રીવર્ગ માટે :** સાચા અર્થમાં કેમ અલિપ્ત બનવું એ શીખો એમ ઈશ્વર પણ ઈચ્છે છે.

**મકર (ખ,જ) :** મનમાં તમને રસ પડે એવો વિચાર જાગ્યો હોય તો એનો અમલ કરી શકો છો. કર્મની શક્તિને સમજવાની આત્મસૂઝને કામે લગાડશો તો સારા કર્મ પર લક્ષ્ય કેન્દ્રિત કરી શકશો. જીવન પરિવર્તનશીલ છે અને ચડતી તેમ જ પડતી એ જીવનનો ક્રમ છે એ સમજી લેવાનો સમય છે. એક અણધારી ઘટનાને પહોંચી વળવા શાંત અને વ્યવહારૂ અભિગમ અપનાવવો પડશે. ભાવનાત્મક જીવનમાં આશ્ચર્યજનક ઘટનાઓ બનવાની સંભાવના છે. આ સમયે કીમતી ચીજો કે પૈસાની બાબતમાં સંભાળજો. નિવાસસ્થાન બદલવાનું વિચારી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** કોઈ સમસ્યા ન હોય ત્યાં એ વિશે કલ્પનાઓ કરી સમય ન બગાડો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** આંખો સામેથી ભ્રમનું ધુમ્મસ દૂર થતા જ અત્યાર સુધી જે જોઈ નહોતા શકતા એ ચિત્ર એકદમ સ્પષ્ટ થઈ જશે. પ્રિયજનની વાત સાંભળશો તો પરિસ્થિતિને તમારા નિયંત્રણ હેઠળ લાવી શકશો એમ દેખાય છે. લાગણીશીલ બનીને ભલે આગળ વધો પણ વધુ પડતા આક્રમક ન બનો અને પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવામાં સાવચેતી રાખો એથી મારી સલાહ છે. પડદા પાછળની પ્રવૃત્તિઓને ઊંડાણથી સમજવાની જરૂર છે. પૂરતી ખાતરી હોય ત્યારે જ બોલવાનો આગ્રહ રાખો એવી મારી સલાહ છે. સોના-ચાંદીની ખરીદી શક્ય બને કે નવુ વાહન લેવાનું વિચારી શકો છો. **સ્ત્રીવર્ગ માટે :** તમને ગણતરીમાં ન લેતા લોકોને નમ્રતાથી ના કહેતા શીખો.

**મીન (દ,ચ,ઝ,થ) :** ઘર, કુટુંબ અને ભાવનાત્મક બાબતો પર લક્ષ્ય કેન્દ્રિત કરવા થોડો સમય ફુરસદ મેળવવા વિચારી રહ્યા છો. કેટલાક નિર્ણયો લેવા અત્યંત આવશ્યક છે એ તમે જાણી ચૂક્યા છો. મારૂ જો માનતા હો તો હાલ લાગણીશીલ બનવાને બદલે પ્રેક્ટિકલ બનો. શું મેળવવું છે એ વિશે નક્કી કરીને કેવળ એના પર જ ધ્યાન કેન્દ્રિત કરો, તો લાભમાં રહેશો. નોકરિયાતોને બઢતી કે પગાર વધારાની શક્યતા છે. પ્રવાસનો પ્લાન વિલંબમાં મુકાવાની શક્યતા છે. વિદેશથી મિત્રો કે બહારગામથી સંબંધીઓ ટૂંક સમયમાં મળવા આવશે એમ દેખાય છે. **સ્ત્રીવર્ગ માટે :** યોગ-ધ્યાનના અભ્યાસથી આધ્યાત્મિક માર્ગ પર આગળ વધી શકશો.



## મુલુંડની સોસાયટીમાં ૯ ફૂટ લાંબો મગર દેખાયોઃ વનવિભાગ અને RAWW દ્વારા બચાવી લેવાયો

નિર્મલ લાઇફસ્ટાઇલ સોસાયટી નજીક આવેલા પિરામલ કોમ્પ્લેક્ષમાં ગઈ કાલે વહેલી સવારે પાંચ વાગ્યે આશરે ૯ ફુટ લાંબો મગર મળી આવતાં આ વિસ્તારમાં આવેલી સોસાયટીઓના રહેવાસીઓમાં ભયનું વાતાવરણપ્રસરી ગયું હતું. સોસાયટીના વોચમેને મગરને જોયા બાદ એની જાણ વનવિભાગના કન્ટ્રોલરૂમને કરતાં આશરે એક કલાકની જહેમત બાદ રેસ્કિવન્ક અસોસિએશન ફોર વાઇલ્ડલાઇફ વેલ્ફેર (RAWW) અને વનવિભાગની મદદથી આ મગરને ઉગારીને તેની મેડિકલ તપાસમાં સ્વસ્થ જણાતાં તેને ફરી તેના કુદરતી રહેઠાણમાં છોડી મૂકવામાં આવ્યો હતો.

RAWWના મેમ્બર કુણાલ ઠક્કરે જણાવ્યું હતું કે,મુલુંડ-વેસ્ટમાં નિર્મલ લાઇફસ્ટાઇલ નજીકનાપિરામલ કોમ્પ્લેક્ષમાં એક વિશાળ મગર જોવા મળતાં ગઈ કાલે સવારે પાંચ વાગ્યે વનવિભાગના કન્ટ્રોલરૂમને અને અમને જાણ કરવામાં આવી હતી. અમે તાત્કાલિક ત્યાં પહોંચી એને કેવી રીતે રેસ્ક્યુ કરી શકાય એનું વનઅધિકારીઓ સાથે સંકલન કરીને બચાવકામગીરી શરૂ કરી હતી. આશરે એક કલાકની જહેમત બાદ આ ભારતીય મગરને સુરક્ષિત રીતે બચાવી લીધો હતો. ત્યાર પછી ડો. પ્રીતિ સાઠે અને ડો. કીર્તિ સાઠેના સહયોગથી મગરની તબીબી તપાસ કરવામાં આવી હતી. તેમણે આ મગર એકદમ સ્વસ્થ હોવાનું જણાવતાં એને એના કુદરતી રહેઠાણમાં છોડી મૂકવામાં આવ્યો હતો.

## હરીશ ખોંભડીયા પ્રસ્તુત ઈર્શાદ ગઝલ કોર્નર...

છાંયડા વાઢ્યા અને ડામર વધુ પથરાય છે
ગામ મારુ એ રીતે સમૃધ્ધ થાતું જાય છે
દર સવારે ધર્મશાળા જેવાં ફળિયાનાં મકાન
સાંજ પડતાંમાં ફરીથી ઘર બની છલકાય છે.
મારા ઘરની બારીની ફરિયાદ મૂંગી એ જ કે -
સામી બારી કાયમી અઠવાડિયું રિસાય છે
હું ઘણા વખતે નિરાંતે આજે ફરવા નીકળી
ને ખબર થઈ કે સીમાડા પ્લોટ થઈ વેચાય છે
સહુનાં માથે છે હજી આકાશ જૂનાં માપનું
તો ય લાગે છે કે જાણે ગામ મોટું થાય છે.



હર્ષવી પટેલ
સંકલન :હરીશ ખોંભડીયા

**જ્યોતિષશાસ્ત્ર**

30 વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.

**સમીર સેજપાલ**

(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)

મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

# આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ચિત્રકાર મોહનકુમાર દ્વારા મુલુંડમાં સતત ૬૪મા વર્ષે સાબુદાણાની અનોખી રંગોળી બનાવવામાં આવી



મુલુંડના ગૌરવ સમાન આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત આર્ટિસ્ટ મોહનકુમાર ડોડેચાએ સાબુદાણાની રંગોળી બનાવવાની પોતાની સતત ૬૩ વર્ષની પરંપરાને આગળ વધારતાં ૬૪મા વર્ષે પણ ૩૫ કિલો સાબુદાણાની રંગોળી બનાવી રહ્યા છે. પાંચ ફૂટ પહોળી અને છ ફૂટ લાંબી એવી આ સાબુદાણાની અનોખી રંગોળીના દર્શન ભાવિકો ૧૪ સપ્ટેમ્બથી ૨૨ સપ્ટેમ્બર દરમ્યાન કરી શકશે. મોહનકુમાર ૧૯૬૧થી દર વર્ષે સાબુદાણાની રંગોળી બનાવી રહ્યા છે. તેમને ગીનેસ બૂક ઓફ રેકોર્ડ્સ અને લિમ્કા બૂક ઓફ રેકોર્ડ્સ, ઇન્ટરનેશનલ બૂક ઓફ રેકોર્ડ્સ સહિત અનેક રેકોર્ડ બૂક્સમાં સ્થાન આપવામાં આવ્યું છે. દર વર્ષે હજારોની સંખ્યામાં લોકો આ અદભૂત રંગોળીના દર્શન કરવા આવે છે. આ કલાકૃતિ બનાવવામાં મોહનકુમાર અને સાથીદારોને દરરોજના ૧૫ કલાક સમર્પિત ભાવથી કામ કરી જેને સંપૂર્ણ થતા લગભગ એક મહિના જેટલો સમય લાગે છે.

આ વર્ષની થીમમાં મોહનકુમારએ શિવલિંગની પૂજા કરતા ગણપતિ અને તેમને આકાશમાંથી આશીર્વાદ આપતા શિવ-પાર્વતીને દર્શાવતી માસ્ટરપીસ રંગોળી બનાવી રહ્યા છે. આ રંગોળીમાં ૨૫૦થી ૩૦૦ રંગના શેડ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મોહનકુમારને આ પ્રકારની રંગોળી બનાવવાની પ્રેરણા પેઈન્ટર એસ.એમ. પંડિત પાસેથી મળી છે એમ તેઓ જણાવે છે.આ સાબુદાણાની રંગોળી બનાવવામાં મોહનકુમારને સાથ આપનાર આર્ટીસ્ટ છે: ભૂપેશ જોશી, દયારામ હિંદીસોતા, અર્ચના પલણ, ભાવના ભાનુશાલી અને ડો. ચેતન કોટક. ભાવિકો આ બેનમૂન રંગોળીના દર્શન ૧૪ સપ્ટેમ્બથી ૨૨ સપ્ટેમ્બર દરમ્યાન ભરત ઠક્કર (ઇશાન ડેવલપર્સ)ના ઘરે, આઝાદ ભુવન (જૂનું નામ), માયા હાર્મની (હાલનું નામ), રૂમ નં.૧૪૦૪, ૧૪મે માળે, નવભારત સ્કૂલ અને મયુરપંખ બિલ્ડીંગની સામે, એન.એસ. રોડ, મુલુંડ વેસ્ટમાં સવારના ૧૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધી કરી શકશે.



**ભાજપા મુંબઈ પ્રદેશ અધ્યક્ષ એડવોકેટ આશિષ સેલાર, ભૂતપૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરેના નિવાસ સ્થાને ગણપતિ સ્થાપનાના દર્શન લઈ આશિષ લીધા હતા. આ પ્રસંગે પક્ષ ગટનેતા પ્રભાકર શિંદે હાજર હતા.**




# શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળામાં માનભેર ઉજવાયો શિક્ષણદિન

દર વર્ષના જેમ આ વર્ષે પણ શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળા તેમજ શેઠ કરમશી કાનજી અંગ્રેજી માધ્યમ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે શિક્ષકદિન ખૂબ જ ગૌરવપૂર્ણ રીતે ઉજવાયો

આ પ્રસંગે શિક્ષણ ક્ષેત્રે દીર્ઘ સેવા આપી સરકારી નિયમ મુજબ નિવૃત્ત થનાર લલિત મહાજન સર (કલા શિક્ષક) તેમજ શિક્ષકેત્તર કર્મચારી ભરતસિંહ પઢિયાર તેમજ શિક્ષણક્ષેત્રે ૨૦ વર્ષ પૂર્ણ કરનાર અંગ્રેજી માધ્યમના શ્રીમતી કવિતા ઐયર, વિનોદ ગિરા, શ્રીમતી સંજના દિવાન શિક્ષકેતર કર્મચારીમાં શ્રીમતી કવિતા ગુરૂવનું પુષ્પગુચ્છ, શ્રીફળ, સાકરપુડો અને ટ્રસ્ટીગણ તરફથી શુભેચ્છારૂપ કવર આપી સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીગણમાં શાળાના પ્રમુખશ્રી કમલેશભાઈ ગજરીયા, મેનેજિંગ ટ્રસ્ટી દિલીપભાઈ રવાણી, સભ્ય હરિશભાઈ ખોંભડિયા, વિશાલભાઈ રાંભિયા, ભાવેશભાઈ યાદવા તેમજ દાતા ટ્રસ્ટી જમનાદાસભાઈ ઠક્કરના સુપુત્ર વિશાલભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યાં હતા.

જેની યાદમાં આ દિવસ ઉજવવમાં આવે છે એ ભારતના શિક્ષક, ઉપરાષ્ટ્રપતિ અને રાષ્ટ્રપતિ તેમજ પ્રખર વિદ્ધાન એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને યાદ કરી દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. પ્રાર્થના અને સ્વાગતગીત દ્વારા કાર્યક્રમને આગળ વધારી સન્માનિત શિક્ષકો સાથે પધારેલ સ્નેહીજનોનું સ્વાગત કરવામાં આવ્યું. બન્ને આચાર્યાના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ જેમનું સન્માન હતું તે સર્વે શિક્ષક-શિક્ષકેત્તર કર્મચારીઓનું ટ્રસ્ટીગણ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

શાળાના પ્રમુખશ્રીએ પ્રસંગોપાત ઉદ્‌બોધન કરી સર્વ શિક્ષકોની અને શિક્ષકેત્તર કર્મચારીઓની સરાહના કરતા સન્માનિત સર્વેને શુભાશિષ આપ્યા હતા. શાળાના શિક્ષકોએ સન્માનિત શિક્ષકોના ગુણ અને ખૂબી વર્ણવી હતી. સન્માનિત શિક્ષકો પોતાનો પ્રત્યુત્તર આપતા ભાવવિભોર બન્યા હતા.

કાર્યક્રમ બાદ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી દિલીપભાઈ રવાણી, ટ્રસ્ટી રાજેન્દ્રભાઈ ગોગરી તેમજ સભ્ય ભાવેશભાઈ યાદવા તરફથી પ્રીતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમૂહ ભોજન સાથે મીઠી યાદો અને ભૂત સંભારણા વાગોળતા સૌએ અમૃત આનંદનું પાન કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન વિનોદભાઈ ટંડેલે કર્યું હતું. આભારવિધિ શ્રીમતી શશીબેન હરણેએ કરી હતી. આચાર્યા શ્રીમતી સંગીતાબેન પટેલની રાહબરી હેઠળ કાર્યક્રમ રંગેચંગે પૂર્ણ થયો હતો.










# તીર્થસ્થાનોની રક્ષાના ઉદ્દેશથી કેનેડાથી મુંબઈ આવી અઠ્ઠાઈ અને જાપ કરતાં મુલુંડના હીનાબેન શાહ







આપણે સૌ દેરાસર કે ઉપાશ્રયમાં જઈએ છીએ, તિલક લગાવીને, ભગવાનની પૂજા કરીને, આહાર-વિહારના નિયમો પાળીને,સામાયિક, પ્રતિક્રમણ, આયંબિલ, અઠ્ઠાઈ વગેરે તપ કરીને જૈન ધર્મ પાળવાનો સંતોષ માનીએ છીએ. પરંતુ આપણા ત્રણ મુખ્ય તીર્થસ્થાનો, ભાવનગરમાં પાલિતાણા, જૂનાગઢમાં ગીરનાર અને ઝારખંડમાં સમેત શિખરજીમાં જૈન સમાજ પ્રત્યે થઇ રહેલા અન્યાયનો વિરોધ કરવા અંગે પૂરતી જાગૃતિ ધરાવતા નથી. આવા શબ્દોમાં પોતાની ભાવના વ્યક્ત કરે છેમૂળ કચ્છના પણ મુલુંડમાં વસવાટ પછી ૪૯ વર્ષ પહેલાં પતિ હેમંત શાહ સાથે કેનેડાના વિલીપેગને જેણે કર્મભૂમિ બનાવી છે એવા ૬૮ વર્ષના હીનાબેન હેમંત શાહના. આ તીર્થસ્થાનોની રક્ષા માટે આ પર્યુષણ પર્વમાં તેઓએ ૧૮,૦૦૦ માઈલ દૂરથી મુલુંડ આવીને અઠ્ઠાઈ સાથે જાપ કર્યા છે.

કચ્છ-અબડાસા તાલુકાના તેરા ગામના દીકરી અને વરાડિયા ગામના પરિવારના પુત્રવધુ એવાં હીનાબહેન વધુમાં જણાવે છે કે, ગુરુ પણ કહેતા કે અનાર્ય દેશમાં પર્યુષણ ન થાય. અમે મુલુંડમાં બ્લુ બેલ્સ, દેવીદયાલ રોડ, બીપીએસ પ્લાઝામાં જ્યાં રહીએ છીએ તેની સામે આદીદાદાનું ભવ્ય દેરાસર છે, જેને હાલમાં જ ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. પર્યુષણ દરમ્યાન આ વર્ષે અઠ્ઠાઈ સાથે જાપ કર્યા છે, જેનો ઉદ્દેશ છે પાલિતાણા, ગિરનાર તથા સમ્મેત શિખરજીની તીર્થરક્ષા. આ ઉપરાંત જૈનોને તેમ જ તીર્થસ્થાને અન્યાય ન થાય એ માટે કેનેડામાં પણ જાપ ચાલુ જ હોય છે.

કેનેડામાં વિક્ટોરિયા હોસ્પિટલમાં હેલ્થકેર આસિસ્ટન્ટ રહી ચૂકેલા હીનાબહેન આરાધક તો હતા જ, પરંતુ ગચ્છાધિપતિ યુગભૂષણસુરિજી મહારાજ કે જેઓ પંડિતજી મહારાજ તરીકે ઓળખાય છે, એમને મળ્યા પછી ભક્તિ વધી. એમની નિશ્રામાં પહેલી અઠ્ઠાઈ કરી અને આ વર્ષે ચોથી અઠ્ઠાઈ કરી છે. અરિહંત અને દેવગુરુના આશીર્વાદની વાત કરતાં તેઓ કહે છે કે,ત્રણ વર્ષ અગાઉ મારા પતિ હેમંત શાહને ગંભીર હાર્ટ એટેક આવ્યો હતો પરંતુ તેમના આશીર્વાદથી હેમખેમ સાજા થયા.

નોંધનીય વાત એ છે કે, હેમંત શાહની જે હોસ્પિટલમાં સારવાર થઇ તે જ હોસ્પિટલમાં ત્રણ વર્ષ પછી તેમણે બોર્ડ ઓફ ડીરેક્ટર્સમાં સ્થાન મેળવ્યું હતું. વિલીપેગની ૧૪૦ વર્ષ જૂની આ હોસ્પિટલના ઇતિહાસમાં આ પદ મેળવનારા પ્રથમ કચ્છી જૈન નહીં, પ્રથમ ભારતીય હતા એ દેવગુરુના આશીર્વાદ હતા એમ તેઓ કહે છે.

હેમંત શાહએ ગુર્જરમાતના પ્રતિનિધિ સાથે વાત કરતા જણાવ્યું હતું કે સરકાર ટુરીઝમ વિકસાવવાના ઓઠા હેઠળ જૈન તીર્થસ્થાનોની આસપાસ હોટેલ્સ, નોન-વેજ રેસ્ટોરન્ટ વગેરે બનાવવા પ્રોત્સાહન આપી રહી છે. આ ઉપરાંત ત્યાં ઈલ્લીગલ કન્સ્ટ્રકશન્સ પણ બનાવી દેવામાં આવ્યા છે જેને લીધે જૈન ધર્મના નિયમોનો ભંગ થાય છે અને જૈનોની ધાર્મિક લાગણી દુભાય છે. આ અન્યાય સામે યુગભૂષણસૂરિજી મ.સા. તેમ જ અન્ય ગુરુ ભગવંતોના માર્ગદર્શન હેઠળ૨૮ વર્ષથી લડત ચાલી રહી છે. કોર્ટમાં અનેક કેસ ચાલી રહ્યા છે. જૈન ધર્મના સર્વ ફિરકાઓએ આ અન્યાય સામેની લડતમાં એક થઈને જોડાવું જોઈએ. જેમ લોકમાન્ય ટીળકએ કહ્યું હતું કે સ્વતંત્રતા એ મારો જન્મસિદ્ધ અધિકાર છે તેમ આપણા આદિ તીર્થંકરોની જન્મભૂમિ એવા જૈન તીર્થસ્થાનોની રક્ષા એ આપણો જન્મસિદ્ધ અધિકાર છે. આ ઉદ્દેશથી જ અમે લગભગ દર વર્ષે કેનેડાથી ભારત આવીને તીર્થસ્થાનોની રક્ષા અંગે જૈન સમાજમાંજાગૃતિ આણવાનો પ્રયત્ન કરીએ છીએ.






॥ શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥ ॥ શ્રી મહાવીર સ્વામિને નમઃ ॥ ॥ શ્રી સુધર્માસ્વામિને નમઃ ॥

શાસન એકતાનો શંખ નાદ કરતી, ૧૩ વર્ષથી અવિરામ વિસ્તરતી અનુપમ-આલ્હાદક ઈતિહાસનું સર્જન કરતી



# મુલુંડના ચારેય ફિરકાની સંયુક્ત શ્રી મુલુંડ જૈન મહાસંઘ

આયોજિત

## પરમાત્માની ભવ્યાતિભવ્ય ઐતિહાસિક રથયાત્રા



ભાદરવા સુદ ૧૨
**15** September Sunday 2024

દિવસે મુલુંડ નગરના સમસ્ત સંઘો દ્વારા સંયુકત પરમાત્માની **ભવ્યાતિભવ્ય રથયાત્રાનું** આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રા **વર્ધમાન નગર થી સવારે ૮.૩૦ કલાકે** મુલુંડમાં બિરાજમાન સર્વ ગુરૂભગવંતોની પાવન નિશ્રા સાથે શુભ પ્રયાણ કરી મુલુંડના રાજમાર્ગો પર થી પસાર થઈને ઝવેર રોડ શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયે પૂર્ણાહુતિ પામશે.

**પાવન નિશ્રા :** મુલુંડના દરેક સંઘોમાં બિરાજમાન પૂ. આચાર્ય ભગવંતો, પૂ. મુનિભગવંતો, પૂ. શ્રમણી ભગવંત તથા મહાસતીજીઓ .

**વરઘોડાના રાજમાર્ગો :** વર્ધમાન નગર - પાંચ રસ્તા - પી.કે.રોડ - સર્વોદય નગર - વાલજી લધ્ધા રોડ - એસ.એલ.રોડ - ઝવેર રોડ

## સ્વામિવાત્સલ્યના લાભાર્થી પરિવાર





## માતુશ્રી વેણીબેન હસમુખરાય ભાઈચંદ સંઘવી પરિવાર (પાંચટોબરાવાળા)

**પુત્ર-પુત્રવધુ :** સોનલ પરાગભાઈ સંઘવી, **દિકરી-જમાઈ :** રક્ષાબેન હિરેનકુમાર, પરિતા

**રથયાત્રાના લાભાર્થી :**
શેઠશ્રી મણીલાલ લક્ષ્મીચંદ શાહ (ઠળીયાવાળા)
માતુશ્રી મંછાબેન રમણીકલાલ શાહ, R.K. (પાલીતાણાવાળા)

**રથયાત્રાનું વિશેષ આકર્ષણ :**
વિવિધ રંગોળીઓ,
નૃત્ય મંડળીઓ,
નાના ભુલકાઓ દ્વારા
રંગ-બેરંગી વેષ-ભુષાઓ ,
વિશેષ સજાવેલા શીશ મહેલો,
બગીઓ વિગેરે

**સ્વામિવાત્સલ્ય સ્થળ :**
ઝવેર રોડ, સર્વોદય નગર,
તાંબે નગર, શીશુકુંજ,
વર્ધમાન નગર,વિણા નગર.

આ રથ યાત્રા માં જે જે સંઘમાંથી પાઠશાળાના ના બાળકોની વેશભુષામાં બગી-લોરી-સ્વપ્ન-ઘોડીયા પારણું ઉત્કૃષ્ટ રચનાઓ તથા મહિલા મંડળો જોડાવવાના હોય તેમની માહીતી આપેલા સંપર્ક નંબર પર કરવા વિનંતી

**આવતા વર્ષે સ્વામિવાત્સલ્ય અથવા રથયાત્રાનો લાભ લેવાની ભાવના હોય તો નીચે આપેલ નં. પર સંપર્ક કરવા વિનંતી**

**સંપર્ક : જીગ્નેશ દોશી : ૯૮૨૦૪૪૩૪૦૨ / ચિરાગ દોશી : ૯૮૬૭૯૧૪૭૨૪**

(લિ.)

ચેરમેન : શ્રી સુખરાજજી નાહર | પ્રમુખ : શ્રી દિપકભાઈ ગોસર
ઉપપ્રમુખ : શ્રી ચેતનભાઈ શાહ | મંત્રી : શ્રી દિનેશભાઈ (મણીલક્ષ્મી)
સેક્રેટરી : શ્રી ચેતનભાઈ દેઢિયા | જોઈન્ટ સેક્રેટરી : શ્રી નલિનભાઈ શાહ

૧) રથયાત્રાની પૂર્ણાહુતિ સુધી મુલુંડના સર્વ જૈન વેપારીઓએ પોતાની ઓફિસ દુકાન બંધ રાખવા આગ્રહભરી વિનંતી છે.
૨) ૨૧ ઉપવાસ થી ઉપરનાં તપ નાં તપસ્વીઓએ પોતાના નામ બે દિવસમાં ઝવેર રોડ જિનાલય ની ઓફીસે લખાવવા વિનંતી.

**શ્રી મુલુંડ જૈન મહાસંઘના જય મહાવીર સહ મિચ્છામિ દુક્કડમ્**

ન કારણ હૈ ન બહાના હૈ, વરઘોડે મે આપકો આના હી આના હૈ... • નોંધ : પરમાત્માની રથયાત્રામાં વિનયરૂપે પગરખાં નો ઉપયોગ ન કરવા વિનંતી. • બહેનોએ સાડી અથવા ઘરચોળા માં પધારવા વિનંતી છે.



## મુલુંડ(વે) પોલીસ સ્ટેશન ગણેશોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ

દર વર્ષેની જેમ આ વર્ષે પણ શુક્રવાર તા.૧૩ સપ્ટેમ્બર સાંજે ૫.૦૦ થી ૭.૩૦ સુધી મુલુંડના પ્રખ્યાત કલાકારો અને પોલીસ સ્ટાફ ના કાર્યરત અધિકારીઓ ભજન કીર્તન અને ભક્તિ ગીતોની સંગીતમય રજૂઆત મુલુંડ પોલીસ સ્ટેશન ના સાર્વજનિક ગણેશોત્સવ પંડાલમાં કરશે. સર્વે રસિક શ્રોતાઓને આ કાર્યક્રમ માણવા આમંત્રણ છે.

## મુંબઈ ન્યાય યાત્રાને મુલુંડમાં મળ્યો ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ

**સંજીવ દેશપાંડે દ્વારા**

બુધવાર, તા.૪ સપ્ટેમ્બર ના કોંગ્રેસ અગ્રણી રાહુલ ગાંધીના ભારત જોડો યાત્રા ની તર્જ પર પીપલ્સ કનેક્ટ કાર્યક્રમના એક દિવસ પૂર્વે મુંબઈ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષા અને સાંસદ વર્ષા ગાયકવાડના નેતૃત્વ હેઠળ મુલુંડમાં જનજાગૃતિના ઉદ્દેશપૂર્તિ અરથે મુંબઈ ન્યાય યાત્રા આયોજિત કરવામાં આવી હતી.

સમગ્ર મુંબઈના ૩૬ વિધાનસભા ક્ષેત્રના સામાન્ય લોકોની સાથે પ્રત્યક્ષ સંવાદ કરી તેમની સમસ્યાને વાચા મળે તેઓની ફરિયાદ સાંભળી તેનું યોગ્ય નિરાકરણ કરવું એ જ આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ છે એ આ તબક્કે વર્ષા ગાયકવાડએ સ્પષ્ટ કર્યું હતું.

રાજ્યના સંનિષ્ઠ પ્રાધ્યાપક અને ભૂતપૂર્વ શિક્ષણમંત્રી રહેલ વર્ષા ગાયકવાનું ઉત્સ્ફૂર્ત સ્વાગત મુલુંડના વિદ્યાર્થીઓ શિક્ષક દિવસના બેનર અને પોસ્ટર દર્શાવી કર્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોના પુષ્પગુચ્છ સ્વીકારી અને અદમ્ય ઉત્સાહ જોઈને વર્ષા ગાયકવાડ અભિભૂત થઈ ગયા હતા. વિદ્યાર્થીઓને અભ્યાસમાં મન લગાવી રાષ્ટ્ર ઘડતરમાં જુસ્સાભેર પ્રવૃત રહેવાની તેમને શીખ આપી હતી.




# બિઝનેસમાં સફળતા મેળવવા મહત્વનું પરિબળ છે સારું સ્વાસ્થ્ય



**સ્વાસ્થ્ય સુધા**

લેખક **રીટા જૈન** 9819070772

DIETICIAN (Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

આજના ઝડપી ગતિએ દોડતા વિશ્વમાં, સારું સ્વાસ્થ્ય જાળવવું એ ફક્ત વ્યક્તિગત ધ્યેય જેટલું જ નહીં, પરંતુ એના કરતાં પણ વધુ મહત્વનું છે; વ્યાવસાયિક સફળતા હાંસલ કરવા માટે તે એક મુખ્ય પરિબળ છે. શારીરિક સુખાકારી અને વ્યવસાયિક કામગીરી વચ્ચેનો સંબંધ વધુને વધુ સ્પષ્ટ થઈ રહ્યો છે કારણ કે ઉદ્યોગ સાહસિકો (entrepreneurs) અને વ્યાવસાયિકો તેમની ઉત્પાદકતા, નિર્ણય લેવાની ક્ષમતા અને વ્યવસાયને વધારવામાં તંદુરસ્ત જીવનશૈલીના મૂલ્યને ઓળખતા થયા છે.

સારું સ્વાસ્થ્ય તમારી ઉર્જાના સ્તર ઉપર સીધી અસર કરે છે, જેનાથી તમે વ્યવસાયની જરૂરતોને જોશ અને ઉત્સાહથી પરિપૂર્ણ કરી શકો છો. જો તમે શારીરિક રીતે ફિટ હો તો તમને થાકનો અનુભવ થવાની શક્યતા ઓછી હોય છે, જેનો અર્થ છે કે તમે લાંબા સમય સુધી કામ કરી શકો છો અને તમારા બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકો છો. આ ઉન્નત ઉર્જા સકારાત્મક માનસિકતામાં પરિણમે છે, જે તમને સ્પષ્ટ અને આશાવાદી દૃષ્ટિકોણ સાથે પડકારોનો સામનો કરવામાં મદદ કરે છે.

વધુમાં, સારૂં સ્વાસ્થ્ય જાળવવાથી તમારી માનસિક સ્પષ્ટતા અને જ્ઞાનાત્મક (cognitive) કાર્યમાં વધારો થાય છે. નિયમિત કસરત, સંતુલિત આહાર અને પર્યાપ્ત ઊંઘ મગજના કાર્યમાં સુધારો કરે છે, જે યોગ્ય નિર્ણયો લેવા, સમસ્યાઓ ઉકેલવા અને નવીન વિચારો વિકસાવવા માટે મહત્વનું છે. આજના સ્પર્ધાત્મક વ્યાપારી વિશ્વમાં ઝડપી અને વ્યૂહાત્મક વિચાર આવશ્યક છે તેથી શાર્પ અને સ્વસ્થ મગજ તમારી સૌથી મોટી સંપત્તિ બની શકે છે.

સારૂં સ્વાસ્થ્ય સ્થિતિ સ્થાપકતા (resilience)ને પણ પ્રોત્સાહન આપે છે. વર્તમાન વ્યાપાર વિશ્વ તણાવો, આંચકાઓ અને અનિશ્ચિતતાઓથી ભરપૂર છે. એક મજબૂત અને સ્વસ્થ શરીર તણાવને નિયંત્રિત કરવા માટે વધુ સારી રીતે સજ્જ હોય છે. તે બર્નઆઉટના જોખમને ઘટાડે છે અને પડકારોને વધુ ઝડપથી ઝીલવા માટે તમને સક્ષમ બનાવે છે. આ સ્થિતિ સ્થાપકતા કોઈપણ વ્યવસાયિક સાહસમાં લાંબા ગાળાની સફળતાને ટકાવી રાખવાની ચાવી છે.

વધુમાં, તમારા દ્વારા આરોગ્યને પ્રાથમિકતા આપવી એ તમારી ટીમ માટે સકારાત્મક ઉદાહરણ પૂરું પાડે છે અને તમારી કંપનીમાં સ્વાસ્થ્ય લક્ષી સંસ્કૃતિ નિર્માણ કરે છે. જે કર્મચારીઓ તેમના ઉપરીઓને સ્વાસ્થ્યને મહત્વ આપતા જુએ છે તેઓ પણ સ્વસ્થ ટેવો અપનાવે છે, જે વધુ પ્રેરિત અને ઉત્પાદક કાર્યબળ (વર્કફોર્સ) તરફ દોરી જાય છે.

નિષ્કર્ષમાં, સારૂં સ્વાસ્થ્ય એ માત્ર એક વ્યક્તિગત સિદ્ધિ નથી; પરંતુ વ્યાવસાયિક સફળતાનું મૂળભૂત ઘટક છે. તમારા સ્વાસ્થ્યમાં રોકાણ કરીને, તમે તમારા ભવિષ્યમાં રોકાણ કરો છો, જે તમને તમારૂં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા અને તમારા વ્યવસાયના લક્ષ્યોને પ્રાપ્ત કરવા સક્ષમ બનાવે છે.




# મારા ડાયરીના થોડા પાનાં : જૈન ધર્મની વિશેષતા મિચ્છામિ દુક્કડમ્ - ડો. ચતુર્વેદી લેખનો સારાંશ

શ્રી મહાવીર સ્વામી ક્ષત્રીય કુંડ જૈન ધર્મની ક્ષમાપના એક સાઈકો થેરપી છે. મિચ્છા મિ દુક્કડં નામનો મહામંત્ર અમેરિકામાં રેડિકલ ફરગીવનેસની ક્લિનિકો તમારી આંખો બંધ કરો જેણે તમને બહુ હેરાન કર્યા છે. આ વ્યક્તિનો ગુનો નાનો હશે પણ તમારા મન ઉપર તેની ઘેરી છાપ રહી ગઈ છે. આ વ્યક્તિ કદાચ તમારી નજીકની જ કોઈ વ્યક્તિ હશે. કદાચ માતા પિતાએ તમને કર્યો અન્યાય હશે. કદાચ તમારા ભાઈ-બહેનને તમારી સાથે અબોલા લીધા હશે. કદાચ તમે તમારી જાત ઉપર પણ રોષ ભરાયા હો તેવું બની શકે.

આ બધો ગુસ્સો જે તમારી અંદર પડયો છે. તેની સપાટી ઉપર લાવો. તમારા હૃદયના ધબકારા વધી જશે. તમારો ચહેરો લાલઘૂમ બની જશે. જો કોઈ ચમત્કાર થાય અને આ અંદરનો ગુસ્સો પલમાત્રમાં ઓગળે તો તમને કેવું લાગે? તમે કેવા હળવા ફુલ બની જાઓ? અમેરિકાના કોલિન ટિપ્પી ગ નામના લેખકો રેડિકલ ફરગીવનેસ નામના પુસ્તક લખ્યું છે. આ પુસ્તકના આધારે અમેરિકાના રેડિકલ ફરગીવનેસની બહુજ માત્રા ક્લિનિકો ખુલી ગઈ છે.

આ ક્લિનિકોમાં રેડિકલ ફરગીવનેસનો છ સપ્તાહનો કોર્સ ચાલે છે. આ કોર્સમાં ભાગ લેનારાઓ ભૂતકાળ તમામ બોજાઓમાંથી મુક્ત થઈને વર્તમાનમાં જીવતાં શીખે છે. રેડિકલ ફરગીવનેસની થિયરીના પ્રચારકો કહે છે કે તમારા ભૂતકાળના કેદી બની રહી જાઓ છો. તમારી આ જૂની ફરિયાદો તમારી જિંદગીને આગળ વધવામાં અંતરારુપ બને છે. તમે કોઈ માફ નથી કરતાં ત્યારે તમારી જાતનો અંકુશ તે વ્યક્તિના હાથમાં આવી જાય છે જેણે તમારો અપરાધ કર્યો છે.




જેવા સાથે તેવા થયાની અપરાધીને સજા કરવાની અને તેને દેખાડી દેવાની ભાવના તમારા હૃદયમાં સતત વૃદ્ધિ પામ્યા કરે છે. અને તમે આ ભાવનાના ગુલામ બની જાઓ છો. તમારો વર્તમાન કાયમ ભૂતકાળની આ કડવી યાદોથી ખરડાયેલો રહે છે. તમારો અપરાધ કરનાર વ્યક્તિ ક્ષમા માંગે કે ન માંગે, તેને ક્ષમા આપી દેવાથી તમે તે પીડાદાયક ભૂતકાળમાંથી કાયમ માટે મુક્ત થઈ જશો.

વિખ્યાત ચિંતક નોર્મન કઝીન્સે કહ્યું છે કે કોઈને માફ કરવા માટે ભારે બહાદુરીની જરૂર પડે છે. આ વાતને આપણને ભગવાન શ્રી મહાવીરના જીવનમાંથી સચોટ રીતે જાણવા મળે છે. કોઈ આપણો જીવ લેવા આપણી ઉપર હુમલો કરે તેને સજા કરવામાં જેટલી બહાદુરીની જરૂર પડે છે તેના કરતા વધુ બહાદુરી તેને માફ કરવા માટે જોઈએ. જયારે આપણે કોઈ વ્યક્તિ ઉપર ગુસ્સો કરીએ. મનમાં આપણી જાતને સજા કરીએ છીએ.

આપણા ગુસ્સાને કારણે તે વ્યક્તિને તો કાંઈ નુકશાન નથી થતું પણ આપણને દિવસરાત તેનું નુકશાન થયા કરે છે. આ ગુસ્સો આપણા મનને અને તનને પણ ઈજા પહોંચાડયા કરે છે. આ ગુસ્સો આપણા મનને અને તમને પણ ઈજા પહોંચાડયા કરે છે. આજે જેટલા પણ મનોરોગો જોવા મળે છે. તેના મૂળમાં આ સંત્વરી રાખવામાં આવેલો રોષ છે. જે ક્ષણે આપણે આપણી જાતે જ સાજા થઈ જઈએ છીએ. આ કારણે ક્ષમાપના એક પ્રકારની સંજીવની છે. જેના સ્પર્શથી આપણે સાજા થઈએ છીએ.

કોઈપણ વ્યક્તિ સાથેની શત્રુતા આપણા માટે કારાવાસની ગરજ સારે છે. જયાં સુધી આપણા મનમાં તે વ્યક્તિ પ્રત્યે ધિક્કારભાવ હોય ત્યાં સુધી આપણે આ કારાવાસમાં જ સબડયા કરીએ છીએ. જે ક્ષણે આપણો જેલમાંથી છુટકારો થાય છે. આ રીતે ક્ષમાપના સૃજનાત્મક શક્તિ છે. આપણે જે વ્યક્તિના અપરાધ કર્યા હોય તેના તરફથી આપણે સતત એવો ભય સતાવ્યા કરે છે કે તે આપણી ઉપર બદલો વાળવા માટે વળતો હુમલો કરશે. આ કારણે આપણે સતત અજ્ઞાત ભયથી પીડાયા કરીએ છીએ. આજ કાલ હતાશા અને ડિપ્રેશન જેવી જ બીમારીઓ પેદા થાય છે. તેની પાછળ આવવા વેરનો ઈતિહાસ હોય છે.

આ રોષ અને ભયગ્રંથિમાંથી મુક્ત એક માત્ર ઈલાજ ક્ષમાપના છે. આપણે જેનો અપરાધ કર્યા તેની ક્ષમા માંગી લેવાથી આપણે ભયમુક્ત થઈ જઈએ છીએ. જૈન ધર્મમાં ક્ષમાપનાને અત્યંત સાહજિક બનાવી દેવામાં આવી છે. આ કારણે અબાલ વૃદ્ધ કોઈને ક્ષમા માંગવામાં અને ક્ષમા આપવામાં સંકોચ નડતો નથી. ક્ષમાપના કરવા માટે જબરદસ્ત આત્મવિશ્વાસની જરૂર પડે છે. જેમને પોતાની જાતમાં શ્રદ્ધા હોય છે. તેઓ જ માફી માંગી શકે છે અને માફી આપી શકે છે. જેમાં ક્ષમાપનાનો તહેવાર ઉજવાતો હોય તેવો જગતભરમાં એક માત્ર જૈનધર્મ છે.

જૈનધર્મમાં મિચ્છામિ દુક્કડં મહામંત્ર માનવામાં આવ્યો છે. સાચા જૈનો જેટલી સાહજીકતાની ક્ષમાપના કરી શકે છે. એટલી સાહઝકતાથી ક્ષમાપના દુનિયાની કોઈ પ્રજા કરી શકતી નથી. ક્ષમાપનાથી મોક્ષની પ્રાપ્તિ તો થાય જ છે. પણ તેને કારણે નિર્મળ અને સ્વચ્છ બુદ્ધિ પણ પ્રાપ્ત થાય છે. ક્ષમાપના દિવસે મને વોટસએપમાં નાણા દલાલ હસમુખ ગોગરીનો મિચ્છા મિ દુક્કડં સંદેશો આવ્યો. તેની બહાદુરી માટે હું ગર્વ અનુભવ્યો છે તેને **મારી તરફથી મિચ્છામિ દુક્કડં.**

# ધર્મ આરાધના

દર વર્ષે પર્યુષણ આવે ને જાય. હર એક દિવસ બધાનું નાનું હોય કે મોટું જીંદગીનું એક એક દિવસ ઓછું થતું જાય. ઘણા લોકો પર્યુષણના આઠ દિવસ જ પામે. ઘણા લોકો આખું વર્ષ પર્યુષણની જેમ રહે ઘણા આપણને પુછે તમે કાંઈ તપ કર્યું છે? ઘણા કહે મને તો સવારના ચાની આદત છે મારા આગળથી કાંઈ ન થાય. શરીર છે બધાની તાસીર અલગ હોય પણ તપના સમય એ સમતા રાખે એ બહુ જ જરૂરી છે. રજામાં ફરવા જવાનું હોય તો કેટલાય દિવસો પહેલાથી મનમાં તેના વિચારો ચાલુ થઈ જાય છે. ફરવા જઈએ ત્યારે પણ બરાબર મજા માણી લઈએ છીએ. ફરીને આવ્યા પછી ફરવા ગયા હતા ત્યાં બહુ મજા આવી આવું જાતે વિચારીએ છીએ અને બીજાને કહીએ છીએ. આવા પાપ મનોરથો આનંદ અને અનુમોદના ઘણા કર્યા અને એનાથી ચીકણા પાપકર્મ બાંધી સંસારમાં રખડયા તો આધ્યાત્મિક જગતમાં આગળ વધવા માટે આપણે પરમાત્માની ભક્તિ કરી જીવન સુધારીએ. થોડુ ઘણું ધર્મ કરવાની ખરી અવસ્થા તો શરીર સ્વસ્થ હોય ત્યારની છે. ધર્મ આરાધના કરતા રહીએ ત્યારે તકલીફના સમયમાં આપણને ધર્મ જ બચાવે છે. ડગલેને ડગલે બધા આગળ મિચ્છામિ દુક્કડમ્ માંગીએ ને આપણે ભવ સુધારીએ. સર્વ જીવો જે પણ નાની મોટી તપસ્યા કરી હોય એને અમારા વતી સુખશાંતા.



- જસ્મીન જયંત છેડા

# ડાયાબિટીસની અસરકારક સારવાર માટેની ચાવી: નિયમિત બ્લડ સુગરનું પરીક્ષણ

આપના લોહીમાં સુગરના પ્રમાણની સતત તપાસ (મોનીટરીંગ) કરતા રહેવું એ ડાયાબિટીસની સારવારનો એક ભાગ છે. ડાયાબિટીસના દર્દીઓ માટેબ્લડ સુગર લેવલનું નિરીક્ષણ કરવું એ રોજિંદી દિનચર્યા હોવી જોઈએ જે તેમના બ્લડ સુગરને નિયંત્રણમાં રાખવામાં, ગૂંચવણો (કોમ્પ્લિકેશન્સ) ટાળવા અને એકંદર આરોગ્ય જાળવવામાં મદદ કરે છે. આજના લેખમાં, આપણે બ્લડ સુગર મોનિટરિંગના મહત્વ અને તે ડાયાબિટીસને અસરકારક રીતે મેનેજ કરવામાં કેવી રીતે મદદ કરી શકે તેની ચર્ચા કરીશું.

બ્લડ સુગર મોનિટરિંગનો પ્રાથમિક ધ્યેય લોહીમાં સુગરના સ્તરને તંદુરસ્ત શ્રેણીમાં રાખવાનો છે. આનો અર્થ એ છે કે બ્લડ સુગરનું સ્તર ન તો ખૂબ ઊંચું કે ખૂબ ઓછું રાખવું. હાઈ બ્લડ સુગર લેવલ, અથવા હાઈપરગ્લાયસેમિઆ, વિવિધ ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની ગૂંચવણોનું કારણ બની શકે છે, જેમ કે હૃદય રોગ, કિડનીને નુકસાન, જ્ઞાનતંત્રને નુકસાન અને અંધત્વ. બીજી બાજુ, લોહીમાં શર્કરાનું નીચું સ્તર, અથવા હાઈપોગ્લાયસેમિઆને લીધે ચક્કર, મૂંઝવણ, શરીરમાં ખેંચ અને ગંભીર કિસ્સાઓમાં દર્દીબેભાન થઈ શકે છે.

બ્લડ સુગરના સ્તરનું નિયમિતપણે નિરીક્ષણ કરવાથી ડાયાબિટીસના દર્દીઓને બ્લડ સુગરમાં વધઘટની પેટર્ન




ઓળખવામાં અને તેમની સારવાર યોજનામાં ગોઠવણો કરવામાં મદદ મળી શકે છે. તેમના બ્લડ સુગરના સ્તરને નિયમિતપણે ટ્રેક કરીને, દર્દીઓ જાણી શકે છે કે તેમના ઊંચા અથવા નીચાબ્લડ સુગરના સ્તર માટે શું કારણભૂત છે, જેમ કે અમુક ખોરાક અથવા પ્રવૃત્તિઓ, અને તે મુજબ તેમની જીવનશૈલીને સમાયોજિત કરી શકે છે. આ માહિતી ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓને તેમની સારવાર યોજના વિશે માહિતગાર નિર્ણય લેવામાં અને તેમના ડાયાબિટીસને અસરકારક રીતે મેનેજ કરવામાં મદદ કરી શકે છે.

વધુમાં, બ્લડ સુગર મોનિટરિંગ ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓને તેમના આરોગ્યસંભાળ પ્રદાતાઓ એટલે કે ડાયાબિટીસના નિષ્ણાત ડોક્ટર્સ સાથે વધુ નજીકથી કામ કરવામાં મદદ કરી શકે છે. બ્લડ સુગરના સ્તરનું નિયમિતપણે નિરીક્ષણ કરીને અને તેમના ડાયાબિટીસના નિષ્ણાત ડોક્ટર્સ સાથે પરિણામો શેર કરીને, દર્દીઓ તેમની ચોક્કસ જરૂરિયાતો અને લક્ષ્યોને પૂર્ણ કરતી વ્યક્તિગત ડાયાબિટીસને મેનેજ કરવાની યોજના બનાવવા માટે સાથે મળીને કામ કરી શકે છે.

નિષ્કર્ષમાં, ડાયાબિટીસ ધરાવતા લોકો માટે તેમના બ્લડ સુગરના સ્તરનું નિરીક્ષણ કરવું મહત્વપૂર્ણ છે. દર્દીઓને તંદુરસ્ત બ્લડ સુગરનું લેવલ જાળવવામાં, જટિલતાઓને રોકવામાં અને તેમના ડાયાબિટીસને અસરકારક રીતે મેનેજ કરવામાં મદદ કરી શકે છે. નિયમિત બ્લડ સુગર મોનિટરિંગ કરીને, ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ પેટર્નને ઓળખી શકે છે, જાણકાર નિર્ણયો લઈ શકે છે અને શ્રેષ્ઠ ડાયાબિટીસ મેનેજમેન્ટ હાંસલ કરવા માટે તેમના આરોગ્યસંભાળ પ્રદાતાઓ સાથે નજીકથી કામ કરી શકે છે.

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# મુલુંડમાં વિવિધ સ્થળોએ સાર્વજનિક મંડળોના ગણપતિ બાપ્પાની તસ્વીરી ઝલક


મુલુંડના મહારાજા (અંબીકાનગર)


ઓમ ગ્રુપ


પહાઈબાપા (શ્રી ગણેશ મિત્ર મંડળ)


મહારાષ્ટ્ર મિત્ર મંડળ


ચંદનબાગ ના રાજા


ગજાનન મિત્ર મંડળ


સરગમ મિત્ર મંડળ


મુલુંડ એલબીએસ ના રાજા





